ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૨૭ ટકા

# સતત બીજા દિવસે મેડીકલ કોલેજમાં હડતાલ

## તમામ માંગણીઓ સ્વીકાર કર્યા બાદ જ હડતાલ સમેટાશે : સ્ટાફ વિના દર્દીઓની સારવારમાં વિલંબ

ગાંધીનગર, તા.૧૩
જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોકટર્સ અને નર્સિંગ સ્ટાફના પડતર પ્રશ્નો અંગે ઉકેલ ન આવતા હડતાલ યથાવત રહેવા પામી છે. સતત બીજા દિવસે પણ કર્મચારીઓ કામગીરીથી અળગા રહ્યા હતા. કોવીડ અને નોન કોવીડ વિભાગના તમામ વોર્ડ નર્સિંગ સ્ટાફ વિના ખાલી પડ્યા હતા. સ્ટાફ ન હોવાથી દર્દીઓની સારવારમાં વિલંબ થઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં કોવીડ અને તાત્કાલીક વિભાગમાં સારવાર માટે આવતા દર્દીઓને તકલીફ ન પડે તે માટે કાયમી નર્સિંગ સ્ટાફ સતત રાત-દિવસ જોયા વિના કામગીરી કરી રહ્યો છે. જયારે હોસ્પિટલના તમામ વોર્ડ સ્ટાફ વિના ખાલીખમ લાગી રહ્યા છે. ત્યારે ખાટલે બેસીને ડોક્ટર અને સ્ટાફની રાહ જોતા દર્દીઓ નજરે પડે છે. ત્યારે કોવીડની મહામારી તેમજ સ્ટાફની અછત વચ્ચે કામગીરી કરવી તે સિવિલ તંત્ર માટે પણ કપરુ સાબિત થઈ રહ્યું છે.

કોરોનાનો કોહરામ યથાવત રહેતા ગાંધીનગરની કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ૮૦ થી વધુ તબીબી ડોકટર અને ૩૫૦ જેટલા જીએમઈઆરએસ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓની હડતાલ યથાવત રહેતા પરિસ્થિતિ કઠીન બની જવા પામી છે. સિવિલ તંત્ર દ્વારા દર્દીઓને સારવાર યોગ્ય મળી રહે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. તેમ છતા આટલી મોટી સંખ્યામાં સ્ટાફના કર્મચારીઓ હડતાલ પર ઉતરતા તાત્કાલીક વિભાગ અને કોવીડ વિભાગમાં આરોગ્યલક્ષી સેવાઓ ન મળતા બુમ ઉઠવા પામી હતી. સામાન્ય દિવસોમાં એક વોર્ડમાં બે થી ત્રણ નર્સ ફરજ બજાવે છે. જયારે ત્રણ વોર્ડ દીઠ માત્ર એક નર્સ ફરજ બજાવતા જોવા મળ્યા હતા. જેને પગલે દર્દીઓમાં રોષ જોવા મળ્યો હતો. નર્સિંગ સ્ટાફ અને તંત્ર વચ્ચે મડાગાંઠ ન ઉકેલતા હડતાલ યથાવત રહેતા સિવિલ તંત્ર પર કામનુ ભારણ વધી જવા પામ્યું છે. ત્યારે સિવિલના સત્તાધિશો હાલની પરિસ્થિતિને પહોંચી વળવા માટે મથામણ કરી રહ્યા છે.



### કોવીડ ઓપીડીમાં દર્દીના સગાઓએ બુમાબુમ કરી

ગાંધીનગર કોવીડ ઓપીડીમાં રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં બુમાબુમ થઈ હોવાનું જાણવા મળ્યું છે. તબિબિ શિક્ષકો અને નર્સિંગ સ્ટાફની હડતાલને પગલે સ્ટાફ ન હોવાથી કોવીડ દર્દીઓની ભરતી કરવામાં આવતી ન હતી. જેથી કોવીડ ઓપીડી બહાર ૧૦૮ ની લાઈન લાગી હતી. હોસ્પિટલમાં દર્દીઓને એડમીટ ન કરવામાં આવતા દર્દીના સગાઓ રોષે ભરાયા હતા. જો કે થોડીવાર બાદ હાજર કર્મચારીઓએ કેમ એડમીટ કરવામાં આવી રહ્યા નથી તેની આપવીતી જણાવતા દર્દીના સગાઓનો રોષ ઠંડો પડ્યો હતો. ત્યારબાદ કેટલાક વ્યકિત દર્દીઓને લઈને અમદાવાદ તો બીજા અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે.

## સિદ્ધાર્થ લૉ કોલેજના સેમેસ્ટર-૪માં ભણતા વિદ્યાર્થીને ગોલ્ડમેડલ પ્રાપ્ત થયો

ગાંધીનગર, તા. ૧૩
ગાંધીનગરના વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રે પ્રસંશનીય પ્રદર્શન કરી રહ્યાં છે. શહેરના સેક્ટર-૧૬ ખાતેની સિદ્ધાર્થ લૉ કોલેજના એલએલબીના સેમેસ્ટર-૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી આકાશ વ્યાસે ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલી પરીક્ષામાં ''જ્યુરિસ્પ્રુડન્સ એન્ડ લીગલ થીયરી વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં સૌથી વધુ માર્કસ પ્રાપ્ત કર્યા છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા આકાશને ''આચાર્ય એમ.એસ. પંડિત ગોલ્ડ મેડલ ફોર જ્યુરિસ્પ્રુડન્સ એન્ડ લીગલ થીયરી'' એનાયત કરવામાં આવ્યો છે. આકાશની આ સિદ્ધિ બદલ કોલેજ સંચાલક મંડળ તથા આચાર્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




સાહેબ, સાંભળ્યું છે કે સિંહને કોરોના થયો એટલે હું મારી ભેંસને લઈ આવ્યો છું.... મારા બદલે આને બે ડોઝ આપી દો...!!

## વેન્ટિલેટર પર સારવાર લઈ રહેલી વૃધ્ધાએ એક લાખનું દાન આપ્યું....!!

### શહેરમાં સેવાભાવી યુવાનોની 'જલારામ નિઃશુલ્ક ફળ વિતરણ સેવા'ને કોવિડ દર્દીનું મોટું દાન પ્રાપ્ત થયું વધુને વધુ કોવિડગ્રસ્ત પરિવારોને ફળ મળી શકે તે માટે વડીલ મહિલાનું પ્રસંશનીય યોગદાન

ગાંધીનગર, તા.૧૩
કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેર સમગ્ર દેશ માટે અત્યંત ઘાતક પુરવાર થઈ છે જેના કારણે ભૂતકાળમાં કયારેય જોઈ ના હોય તેવી મહામારીની ચિંતાજનક પરિસ્થિતિ પેદા થવા પામી છે. અચાનક જ વ્યાપક રીતે સર્જાયેલી આ અભૂતપૂર્વ કટોકટીની સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ આપણી આરોગ્ય વ્યવસ્થા હલી જવા પામી છે, પરંતુ આ કપરાકાળમાં નાગરિકો હવે એકબીજાનો સધિયારો બનીને સહિયારી લડત આપી રહ્યા છે તે આપણા સમાજનું ખમીર પ્રદર્શિત કરે છે. ગાંધીનગરમાં પણ કોરોના મહામારીની આ વિષમ સ્થિતિમાં અનેક સેવાભાવી સંસ્થાઓ અને સ્વયંસેવકો કોવિડગ્રસ્ત અને જરૂરિયાતમંદ પરિવારોની વ્હારે આવ્યા છે. શહેરમાં કોવિડગ્રસ્ત પરિવારોને રોગપ્રતિકારક શકિત જળવાઈ રહે તે હેતુથી સેવાભાવી યુવાનોએ 'જલારામ નિઃશુલ્ક ફળ વિતરણ' સેવા શરૂ કરી છે જે સેવાકાર્યને આજે ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં છેલ્લા ૧૪ દિવસથી વેન્ટિલેટર પર કોવિડની સારવાર મેળવી રહેલા ૭૦થી વધુ વય ધરાવતા મહિલાએ રૂપિયા એક લાખનું દાન આપીને અનોખી સેવાભાવનાના દર્શન કરાવ્યા છે.

જયારે કોઈને કોરોના સંક્રમણ લાગુ પડે છે ત્યારે તેના પરિવાર સહિત દર્દીને ખાનગી હોસ્પિટલના મસમોટા ખર્ચા છતાં જીવનું જોખમ નજર સમક્ષ આવે છે અને આ સમયે તે અન્ય કોઈનો વિચાર સુધ્ધાં કરી શકતા નથી. જો કે ગાંધીનગરમાં કુડાસણ ખાતેની વૃંદાવન સોસાયટીમાં રહેતા એક ૭૦થી વધુ વય ધરાવતા વડિલ મહિલાએ આ માન્યતા ખોટી પાડી છે અને પોતે અત્યારે વેન્ટિલેટરના સહારે કોરોના સામે જીવનનો જંગ ખેલી રહ્યા છે ત્યારે પણ અન્ય જરૂરિયાતમંદ કોવિડગ્રસ્ત પરિવારોની ચિંતા કરીને તેમને મદદરૂપ થવાનો તેમનો આ પ્રયાસ ખૂબ જ પ્રસંશનીય છે. આ વડિલ મહિલાના ઘરમાં તેમના પતિ, પુત્ર, પુત્રવધુ વગેરે પણ કોરોના સંક્રમિત થઈ ગયા હતા પરંતુ તેમના સિવાય પરિવારના અન્ય તમામ સભ્યો ઝડપથી કોરોનાને હરાવવામાં સફળ રહ્યા અને સાજા થઈ ગયા છે. આ વડીલ મહિલા છેલ્લા ૧૪ દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે અને હાલ વેન્ટિલેટર પર રહીને પણ કોરોનાને હંફાવી રહ્યા છે. તબીબોએ તેમની તબિયત સુધારા પર હોવાનું જણાવતા ઝડપથી સાજા થઈ જશે તેવી આશા વ્યકત કરી છે. જો કે આ સ્થિતિમાં પણ તેઓએ 'ઓનલાઈન પેમેન્ટ'ના માધ્યમથી શહેરના સેવાભાવી યુવાન દ્વારા હાથ ધરાયેલી કોવિડગ્રસ્ત જરૂરિયાતમંદ પરિવારો માટે વિનામૂલ્યે ફળ પહોંચાડતી 'જલારામ નિઃશુલ્ક ફળ વિતરણ સેવા'ને રૂપિયા એખ લાખનું દાન આપ્યું છે. તેમણે આ દાન થકી વધુને વધુ જરૂરિયાતમંદી પરિવારોને ફળ પ્રાપ્ત થાય અને તેમના આશીર્વદ પ્રાપ્ત થાય તેવી અપેક્ષા વ્યકત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ મહિલાના ઘરે છેલ્લા અઢી માસથી બંગલાની બહાર ઉનાળાની કાળઝાળ ગરમીને અનુલક્ષીને ઠંડા પાણીની પરબ પણ ચલાવાઈ રહી છે જે તેમની સેવાભાવના પ્રદર્શિત કરે છે.

### શું છે જલારામ ફળ વિતરણ સેવા?

ગાંધીનગરના સેવાભાવી યુવાનો દ્વારા શહેરમાં જે પરિવારો કોવિડ પોઝિટીવ છે તેમને જરૂરિયાત મુજબના સ્વાસ્થ્યપ્રદ ફળો તેમના ઘરે વિનામૂલ્યે પુરા પાડવાની સેવા 'જલારામ ફળ વિતરણ સેવા' થકી પુરી પાડવામાં આવી રહી છે જે સવારે ૧૦ થી ૧ના સમયગાળામાં દિવસમાં એક વાર કોવિડગ્રસ્ત પરિવારોના ઘરે ફળો પહોંચાડે છે. આ સેવાનો લાભ લેવા કોવિડગ્રસ્ત પરિવારોએ મોબાઈલ નંબર ૯૭૨૩૨૩૫૬૭૮, ૮૪૮૭૦૨૫૩૩૩ અથવા ૭૬૦૦૬૭૭૭૦૦ પર વ્હોટસપ મેસેજથી પરિવારના કોવિડ પોઝિટીવના રિપોર્ટ, ઘરના સરનામા સાથે મોકલવાના હોય છે.

### રમઝાન-ઈદના પવિત્ર પર્વ નિમિત્તે રાજ્યપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા.૧૩
ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજ્યના મુસ્લિમ સમાજના ભાઈ-બહેનોને પવિત્ર ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક મુબારકબાદી પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે ઈદનો તહેવાર પ્રેમ-શાંતિ અને સામાજિક સદ્દભાવનાનું પ્રતીક છે. આ પવિત્ર તહેવાર સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવનારો બની રહે, તેવી તેમણે શુભકામના વ્યક્ત કરી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન વિભાગ દ્વારા આયોજિત ઓનલાઈન દિવ્ય સંતાન પ્રાપ્તિ માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૩
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના તપોવન વિભાગ દ્વારા આયોજિત ઓનલાઈન દિવ્ય સંતાનપ્રાપ્તિ માર્ગદર્શન કાર્યક્રમ 'દિવ્ય સંતાન પ્રાપ્તિઃ એક અદ્દભુત રહસ્ય' ૯, મે ૨૦૨૧ ને રવિવારના રોજ ઑનલાઈન કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વિભાગના નિયામકશ્રી ડૉ. રાકેશભાઈ પટેલે પોતાના સંવાદમાં ગર્ભસંસ્કારની ઉપાદેયતાની સંકલ્પના અને સોળ સંસ્કારોની વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ પ્ર. શાહે પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં તેજસ્વિતા અને દિવ્યતાનું અવતરણ પૂર્વભૂમિકા વિશે માર્ગદર્શન આપતા કહ્યું કે ભારતીય ગર્ભ વિજ્ઞાનને અનુસરવાથી દરેક માતા-પિતાએ સામાજિક પુનરુત્થાનનું આરંભબિંદુ શ્રેષ્ઠ સંતતિનું નિર્માણ કરવા માટે કટિબદ્ધ થવુ જોઈએ. એમને આહવાન કર્યુ કે દરેક દંપતીનું શ્રેષ્ઠ આયોજન એ ભાવિ શ્રેષ્ઠ સંતતિ તેમજ શ્રેષ્ઠ અને સમર્થ ભારત બનાવવા માટેનું પ્રથમ પગથિયું છે. કાર્યક્રમનું સંચાલન પ્રા.મીનલબહેન પંચાલે કર્યું હતું. આભારવિધિ ડૉ.હેમાંગીબહેન મહેતાએ કરી હતી. કાર્યક્રમનું ફેસબુક પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં વિશાળ સંખ્યામાં દંપતીઓ અને દર્શકોએ લાભ લીધો હતો.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) દ્વારા પરશુરામ જયંતીની અનોખી ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૩
તાજેતરમાં અખાત્રીજ નિમિત્તે તારીખ ૧૪ મે ના રોજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) દ્વારા ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને બ્રાહ્મણોના આરાધ્ય દેવ ભગવાન શ્રી પરશુરામ જીની જયંતિ નિમિત્તે ગાંધીનગર શહેરમાં અનોખી ઉજવણી કરવામાં આવશે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના પ્રદેશ ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ ત્રિવેદી એ જણાવ્યું છે કે હાલ જયારે ઓકિસજનની અછત છે ત્યારે પરશુરામજીની જયંતિ નિમિત્તે દરેક બ્રાહ્મણો પોતાના ઘરમાં વરંડામાં વૃક્ષો વાવશે જેથી છાંયડો પણ મળે અને ઓકિસજન પણ મળે. વધુમાં અશ્વિનભાઈ એ જણાવ્યું છે કે જિલ્લા મહિલા પ્રમુખ અને કોર્પોરેશનના ઉમેદવાર છાયાબેન ત્રિવેદી, પ્રદેશ સંગઠન મંત્રી દિવ્યભાઈ ત્રિવેદી, શહેર મહામંત્રી કૃતિક ભટ્ટ સહીત તમામ આગેવાનો મહાનગર વોર્ડ ૯ ના વિસ્તારમાં વૃક્ષ વાવીને તેનું જતન કરવાનો કાર્યક્રમ યોજાશે અને સાંજે શહેરના તમામ ભૂદેવોના ઘરે ૭:૩૦ કલાલે દીપ પ્રજવલિત કરીને ભગવાન પરશુરામજીની આરતી કરશે અને પ્રાર્થના કરશે કે સમગ્ર વિશ્વ સહીત ભારત કોરોનાની મહામારીમાંથી જલ્દીથી બહાર નીકળે અને દર્દીઓ જલ્દીથી સજા થઈ જાય અને વિશ્વશાંતિ માટે ભૂદેવો પ્રર્થના કરશે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે ભગવાન પરશુરામ જયંતી નિમિત્તે શહેરમાં ભવ્ય રેલીનું આયોજન થાય છે પણ કોરોના મહામારીને ધ્યાનમાં લઈને સરકારી નિયમાનુસાર રેલી મોકૂફ રાખી છે અને ઘરે બેઠા જ પ્રાર્થના કરશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે ૩૫૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનનો ૧૫૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૪૧ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ઘઉં અને અન્ય પાકોની ટેકાના ભાવે હવે ૧૮મી સુધી ખરીદી સ્થગિત કરવામાં આવી છે.

● મ્યુકર માઈકોસીસની દવાઓ ઉપલબ્ધ કરાવવા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલાએ કલેક્ટરને પત્ર લખ્યો છે તો ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ માણસાની એક ખાનગી હોસ્પિટલને રેમડેસિવિર ઈન્જેક્શન સંદર્ભે નોટીસ આપી હોવાનું જાણવા મળેલ છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાન ગૃહોમાં આજે ૧૦ મૃતકોની કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર અંતિમ સંસ્કારની વિધિ કરવામાં આવી છે.

● મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષપદે કોર કમિટીની ખાસ બેઠક મળી હતી.

## સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે 'હેપ્પી રક્તદાન શિબિર'નું આયોજન

### કોરોના કાળમાં સર્જાયેલી રક્તની અછતમાં સિવિલ હોસ્પિટલને મદરૂપ થવાના ભાગ રૂપે 'હેપ્પી યુથ ક્લબ' દ્વારા કરાયેલું આયોજન : યુવાનો રસીકરણ પહેલા રક્તદાન કરે તે જરૂરી : હેપ્પી યુથ ક્લબ

ગાંધીનગર, તા. ૧૩
કોરોના કાળમાં સર્જાયેલી રકતની અછતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મદરૂપ થવાના ભાગ રૂપે ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા ''હેપ્પી યુથ ક્લબ'' અને સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિરના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧૯મી મે, બુધવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન સે.૨ સ્વામિનારાયણ મંદિર ખાતે ''હેપ્પી રકતદાન શિબિર''નું આયોજન કરવામાં આવ્યું છે. રકતદાતાઓએ ''હેપ્પી રક્તદાન શિબિર''માં સામેલ થવા અગાઉથી નોંધણી કરાવવી હિતાવહ છે જે માટે તેઓ મો. નં. ૯૬૦૧૬૦૧૫૫૮ ઉપર સંપર્ક સાધી શકશે અથવા પોતાનું નામ અને ઉમર મેસેજ કરી નોંધણી કરવી શકશે. હેપ્પી યુથ ક્લબના છઠ્ઠા સ્થાપના દિન નિમિત્તે આયોજિત ''હેપ્પી રકતદાન શિબિર''માં રકતદાન કરનાર તમામ રકતદાતાને પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ રૂપે ''રક્તદાતા પ્રોત્સાહન કિટ'' આપી સન્માનીત કરવામાં આવશે.

છેલ્લાં સવા વર્ષથી દેશમાં ચાલી રહેલા કોરોના સંક્રમણને



કારણે રક્તદાનની પ્રવૃતિ પર ઘેરી અસર થવા પામી છે કેમકે એકવાર કોરોના સંક્રમિત થયા હોય અથવા જેણે કોરોના પ્રતિરોધક રસી લીધી છે તેવા રક્તદાતા અમુક સમય સુધી રક્તદાન કરી શકતા નથી. અનેક રક્તદાતાઓ તો સંક્રમણના ડરણે કારણે રક્તદાન કરવાનું ટાળી રહ્યા છે, જેના કારણે બ્લડ બેંકોમાં લોહીનો પુરવઠો ખૂટી રહ્યો છે. ''હેપ્પી રક્તદાન શિબિર''માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા પૂરી પાડવામાં આવશે જે એકત્રિત રક્ત કોઈ સિવિલ હોસ્પીટલમાં દાખલ જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, પ્રસૂતિ, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. આ ''હેપ્પી રક્તદાન શિબિર''નો હેતુ યુવાનોને કોવિડ પ્રતિરોધક રસીકરણ પહેલા રક્તદાન કરવાની તક પૂરી પાડવાનો છે જેના કારણે આગામી સમયમાં રસીકરણથી સર્જાવા જઈ રહેલ રક્તદાનની અછતના સમયને ધ્યાનમાં રાખીને રક્ત પુરવઠો ઉપલબ્ધ થઈ શકે. હેપ્પી રક્તદાન શિબિરમાં કોવિડ-૧૯ની ગાઈડ લાઈન અનુસાર ફરજિયાત માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવામાં આવશે.

# રાજયમાં દવાઓ અને ઓકિસજનનો પુરતો જથ્થો જળવાય તે સુનિશ્ચિત કરો

### કોરોના મહામારી સામેની લડતમાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે મહત્વના સૂચનો કર્યા

ગાંધીનગર, તા.૧૩
કોરોના સંક્રમણના બીજા વેવમાં ગુજરાતની હોસ્પિટલો ઓક્સિજનની અછત અનુભવી રહી છે તેમજ સંભવિત કોરોનાના ત્રીજા સંક્રમણમાં વધુ ઓક્સિજનની જરૂરિયાત પડવાની છે તે લક્ષમાં લેતાં,ગુજરાતમાં આવેલી તમામ ખાનગી હોસ્પિટલોને પોતાનો ઓક્સિજન પ્લાન્ટ ફરજિયાત રીતે ચોક્કસ સમય મર્યાદામાં સ્થાપવા આદેશ કરવા ગુજરાત સરકારને ગાંધીનગરના જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે.

વર્તમાનપત્રોના અહેવાલો મુજબ બોમ્બે હાઈકોર્ટે કહ્યું છે કે ત્રીજી લહેર જોતા તમામ ખાનગી હોસ્પિટલોમાં પણ ઓક્સિજન પ્લાન્ટ હોવા જરૂરી છે. ચીફ જસ્ટિસ દત્તાની બેન્ચે સાંગલીની ખાનગી હોસ્પિટલનો ઉલ્લેખ કરતાં કહ્યું કે એક હોસ્પિટલ આવું કરી શકે તો બીજી હોસ્પિટલો કેમ નહીં?

કોરોના સંક્રમણની સારવારમાં વપરાતી દવાઓ ખાસ કરીને રેમડેસિવિર, ફેબીફ્લ્યુ વગેરે જેવી દવાઓનું ઉત્પાદન ગુજરાતની ફાર્મસીઓમાં થાય તે માટે જરૂરી મંજૂરી રાજ્ય સરકારે તાત્કાલિક આપવી જોઈએ. ફાર્મસીક્ષેત્રે ગુજરાત શ્રેષ્ઠ નેટવર્ક ધરાવે છે, તે સર્વવિદિત છે . આ સંદર્ભમાં ભારત સરકારની મંજૂરીની આવશ્યકતા રહેતી હોય તો તે પણ ઝડપથી મેળવી લેવી જોઈએ. દરમિયાન ગુજરાતને રેમડેસિવિરનો વધુ જથ્થો ફાળવવામાં આવે તે માટે વિશેષ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

કોરોના સંક્રમણની સારવારમાં વપરાતી દવાઓ પૂરતા પ્રમાણમાં વાજબી કિંમતથી ગુજરાતમાં આવેલી દવાની દુકાનોએથી દર્દીઓને સતત મળી રહે તે માટે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રે વિશેષ જાગૃતિ બતાવવાની આવશ્યકતા છે. તેમના દ્વારા મેડિકલ સ્ટોર્સના સ્ટોકસ અને બીલ્સનું નિયમિત ઈન્સ્પેક્શન થવું જોઈએ. મેડિકલ સ્ટોર્સ દ્વારા દવાના વધુ ભાવ લેવાતા હોવાની તેમજ સંગ્રહખોરીની વ્યાપક ફરિયાદો આવી રહી છે. ઈન્જેકશન, દવાઓ તથા ઓક્સિજનના કાળા બજાર રોકવા ઘટીત પગલાં લેવામાં આવે તેમજ નકલી દવાઓ બનાવનારને તાત્કાલિક સજા કરવામાં આવે તેવા પગલાં લેવા જાગૃત નાગરિક પરિષદે અનુરોધ કર્યો છે.

કેટલીક મહત્વની દવાઓ તેમજ સીટીસ્કેન જેવી મહત્વની મેડિકલ સર્વિસીસ અને ઓપરેશનના દર ભારત સરકાર દ્વારા તાત્કાલિક નક્કી થાય તે માટે દરખાસ્ત કરવા, ગુજરાત સરકારને જાગૃત નાગરિક પરિષદ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

સરકારી હોસ્પિટલો અને દવાખાનાઓમાં દવાઓ નિયમિત રીતે પુરી પાડવાની જવાબદારી Central Medcal Stores Organisation (CMSO)ની છે. સરકારે તેને પર્યાપ્ત ગ્રાંટ ફાળવી તે તંત્ર પરિવહનમાં જરૂરી દવાઓની ખરીદી અને તે સમયસર તમામ સરકારી દવાખાનાઓ અને હોસ્પિટલોને પહોંચાડવાની કાર્યસાધક કામગીરી બજાવે તે આ મહામારીના સમયની તાતી જરૂરિયાત છે.

## જન્મદિને વધામણી



કુંતલ નિમાવત
ગ્રાફીક ડિઝાઈનર, એક્ટર, ડિરેક્ટર, સભ્ય રેડક્રોસ ગાંધીનગર
મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫



જય કમલેશભાઈ ત્રિવેદી
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬



ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬



અશોક ભોગીલાલ ત્રિવેદી
રિટાયર્ડ આઈટીઆઈ પ્રિન્સિપાલ
મો. ૯૮૭૯૮ ૮૩૧૧૪



દેવ પ્રકાશકુમાર બારોટ
મો. ૯૪૨૬૩ ૫૨૭૯૨



પરમાર ગોવિંદભાઈ તેજાભાઈ